# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

## સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨-૧૨-૨૦૨૧, ગુરૂવાર




# સાબરકાંઠા-અરવલ્લીમાં અનેક વિસ્તારોમાં કમોસમી માવઠું

## ડિસેમ્બરના આરંભે ખેડૂતોની પનોતી બેઠી, બાગાયત પાકમાં નુકસાનની આશંકા



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

રાજ્યના હવામાનમાં એકાએક પલટાવ આવ્યા પછી સાબરકાંઠા-અરવલ્લીના અનેક વિસ્તારોમાં તા.૧ ડિસેમ્બરની વહેલી પરોઢથી કમોસમી માવઠા વરસતાં ખેડૂતોની ફરી એકવાર પનોતી બેઠા જેવી સ્થિતિ સામે આવી છે. ખરીફ વાવેતરમાં વિલંબની સાથે બાગાયતી પાકમાં માવઠાના કારણે નુકસાનની દહેશત ફરી એકવાર ખેડૂતોને સતાવી રહી છે. ખેતી વિભાગ દ્વારા અગાઉથી જ ખેડૂતોને માવઠાની જાણકારી આપી હોવાથી તૈયાર ખેતપેદાશ સલામત સ્થળે મૂક્યું હોવાથી નુકસાનનું પ્રમાણ ઘટાડી શકાયું છે.

દર વર્ષે નવેમ્બર પછી ડિસેમ્બરમાં કમોસમી માવઠા વરસવાની પરંપરા કુદરતે આ વર્ષે પણ જાળવી રાખી છે. વારંવાર હવામાન પલટાવથી શિયાળુ વાવેતર ઘાંચમાં પડે અને વાવેતર વિસ્તાર ઘટે તેવી દહેશત પણ સેવાઈ રહી છે. ગત નવેમ્બર મહિનામાં તા.૧૮થી ૨૦ નવેમ્બર દરમ્યાન વરસેલા કમોસમી માવઠાથી ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે પૂરો થયો નથી ત્યાં કુદરતે ફરી એકવાર ખેડૂતોને થપાટ દીધી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ ડિપ્રેસનની અસર મંગળવાર બપોરથી અનેક વિસ્તારોમાં જોવા મળી. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પણ ડિપ ડિપ્રેસનના કારણે અડધાથી બે ઈંચ જેટલો વરસાદ વરસવાની દહેશત હોવાથી કૃષિ યુનિ. દાંતીવાડાના હવામાન વિભાગ દ્વારા ખેડૂતોને જરૂરી તકેદારી રાખવા ચેતવણ અપાતા જાગૃત ખેડૂતોએ લગ્નના અવસરમાંથી સમય નીકાળી તૈયાર ખેતપેદાશ સલામત સ્થળે મુકવાની સાથે સૂકો ઘાસચારો ભીંજાઈ ન જાય તેની તકેદારી રાખી હતી. જ્યારે રવી સિઝનની ખેતીમાં પિયત અને દવા છંટકાવનું મુલત્વી રાખ્યું હતું. મંગળવારથી બદલાયેલા હવામાન પછી બુધવાર પરોઢે જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, ધનસુરા, બાયડ, મોડાસા, ભિલોડા સહિતના અનેક વિસ્તારોમાં કમોસમી માવઠા ખેડૂતો માટે આફત બનીને વરસ્યાં હતા. જ્યારે વહેલું બટાટાનું વાવેતર કરનારા નુકસાનની આશંકા છે અને બગાયત પાકમાં વધુ નુકસાન થાય તેવી આશંકા બાગાયતી વિભાગે અગાઉ પણ વ્યકત કરી છે. જિલ્લામાં સુસવાટા મારતા પવન અને પવન સાથે કમોસમી માવઠા વરસતાં પ્રજાને ભરશિયાળે ગરમ વસ્ત્રોના બદલે રેઈનકોટમાં લપેટાઈ જવાની ફરજ પડી હતી.

## જિલ્લાના ૩ અધિકારીઓની બદલી માટે સરકારમાં રજુઆત પહોંચી

### ભ્રષ્ટ્રાચારની પાઠશાળા બનેલી કચેરીઓમાં તમામ સ્ટાફ બદલવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો તબક્કો શરૂ થયો છે જેના કારણે આચારસંહિતા અમલી હોવાથી કોઈપણ અધિકારી કે કર્મચારીની બદલી અને બઢતી સંભવ નથી છતાં જિલલ્લના ૩ અધિકારીઓના કારણે સરકારની છબી ખરડાતી હોવાની કારણને આગળ ધરી ૩ અધિકારીઓની બદલી માટે સરકારમાં રજુઆત થયાની ગરમાગરમ ચર્ચાએ ભરશિયાળે ગરમાવો લાવી દીધો છે. જિલ્લામાં ભ્રષ્ટ્રાચારની પાઠશાળા બનેલી અને ફોન કરો તો પહેલા સાહેબ કહેવાનું તેવું આગ્રહ રાખતા અધિકારી અને તેમના સમગ્ર સ્ટાફને બદલવાની માંગ હોવાનું જાણવા મળ્યું છે.

જિલ્લાના અનેક વિભાગોમાં છબી ખરડાયેલી છે તેવા કર્મચારીઓને મલાઈદા ટેબલ આપવામાં આવ્યા છે. જેના કારણે ભ્રષ્ટ્રાચાર ભૂતકાળ બનવાને બદલે વર્તમાનમાં હાવી થઈ ગયો છે. સરકારના દરેક વિભાગોને સ્પષ્ટ આદેશ છતાં દરેક કચેરી આગળ કોઈ લાંચ માંગે તો એ.સી.બી.નો સંપર્ક કરવો અને તે અંગેના ટોલ ફ્રી નંબર દર્શાવેલા છે. તેવા બેનર લગાવાના હતા પરંતુ તે અભરાઈ ઉપર મુકી દેવામાં આવ્યા છે. દિવાળી દરમ્યાન અનેક સરકારી બાબુઓએ ખિસ્સાં ભરવામાં કોઈ કચાશ રાખી ન હતી છતાં ચકોર કહેવાતા ભ્રષ્ટ્રાચારી સરકારી બાબુઓ ક્યાંય એ.સી.બી.ના છટકામાં સપડાયાં નથી. પ્રજા પણ ભ્રષ્ટ્રાચાર ઘટવાને બદલે સતત વધી રહ્યાના આરોપ લગાવી રહી છે. જે વર્તમાન સરકાર માટે ભવિષ્યમાં મુશ્કેલી ઉભી કરી શકે છે ત્યારે રાજ્યના પાટનગરથી દિલ્હીના દરબાર સુધી જિલ્લાના ૩ અધિકારીઓની કરમકુંડળી ચોક્કસ જુથ દ્વારા પહોંચાળી બદલી માટે રજુઆત થઈ છે ત્યારે એકબીજાને મ્હાત કરવાની મજા લેતાં બે જુથો પૈકી કયા જુથનો હાથ ઉંચો રહે છે તેના ઉપર સૌની નજર ટેકવાઈ છે.

## અરવલ્લી ખેડૂતોએ હવામાન વિભાગની કમોસમી વરસાદની આગાહી હોવાથી કાળજી રાખવી

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ત્રણ દિવસ સુધી અટેલે કે ૦૨ ડિસેમ્બર ૨૦૨૧ સુધી અરવલ્લી જીલ્લાના કેટલાક વિસ્તારોમાં છુટા છવાયા વરસાદી ઝાપટા પડવાની શક્યતાઓ રહેલી છે. જે ધ્યાને લઈ ખેડ્તોએ કાળજી રાખવી જરૂરી છે. જે અંતર્ગત હાલમાં બીટી કપાસમાં પાક તૈયાર થયેલ હોય ત્યારે કપાસની વીણી તાત્કાલિક ધોરણે કરી લેવી અને સલામત જગ્યાએ રાખવો ખેડૂતોએ પોતાનો ઉત્પાદિત થયેલો પાક જેવા કે, અડદ,મગ,બાજરી, મગફળી જેવી ખેત પેદાશ સલામત સ્થળે ગોડાઉનમાં રાખવી અથવા તાડપત્રીથી ઢાંકીને રાખવી અને તાડપત્રી હાથવગે રાખી વેચાણ અર્થે એ.પી.એમ.સી. અથવા વેચાણ અર્થે લઈ જવાતી ખેત જણસીઓ તાડપત્રી ઢાંકીને લઈ જવી અને હવામાન ખાતાની આગાહી હોય તેવા સમયે વેચાણ શક્ય હોય તો ટાળવું.

### ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ

## જિલ્લામાં સરપંચ પદના ઉમેદવારોના ભોજન મેળાવડા પછી ફોર્મ રજુ કરવાના નવો ટ્રેન્ડ શરૂ

### મોટી સંખ્યામાં કાર્યકરોની હાજરી બતાવાના પ્રયાસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોની ચુંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ છે ત્યારે જિલ્લાની કેટલીક ગ્રામ પંચાયતોના સરપંચપદના ઉમેદવારોએ ભોજન મેળવાડા પછી ફોર્મ રજુ કરવાનું નવો ટ્રેડ શરૂ થતાં મોટી સંખ્યામાં કાર્યકરોની ભીડ એકત્ર કરવાનો નવો પેતરો સામે આવ્યો છે. ગ્રામ પંચાયતમાં ચુંટણી લડતા સરપંચો માટે રૂા.૧૫ થી ૪૫ હજારના ખર્ચની મર્યાદા ચુંટણી આયોગે નક્કી કરી છે પરંતુ અહિયા એક જ ભોજન સમારંભમાં રૂા.૩૦-૩૫ હજારનો ખર્ચ થઈ રહ્યો છે છતાં તંત્ર દ્વારા થઈ રહેલા આંખ આડા કાને તંત્રની બે ધારી નીતિને ખુલ્લી કરી છે.

જિલ્લામાં ગ્રામ પંચાયતનો ચુંટણી જંગ જાહેર થતાં કોરોના, લગ્નસરના અવસર અને કમોસમીથી થનારું નુકસાન વગેરે હોંસિયામાં ધકેલાયું છે અને માત્ર ચુંટણીની જ ચર્ચાઓ ચારેય દિશાઓમાં સાંભળવા મળી રહી છે. પાછલા બે દિવસ દરમ્યાન ગ્રામ પંચાયતોની ચુંટણીઓમાં સરપંચપદ માટે ૨૫ ઉમેદવારીપત્રો રજુ થયા છે. મોટાભાગના ઉમેદવારો દિવસ અને ચોઘડિયાને માનતા હોવાથી આજે ગુરૂવાર અને શનિવારે પોતાના ઉમેદવારી પત્રો વોર્ડ સભ્યો સાથે રજુ કરે તેવી ધારણા છે. જે રીતે સરપંચપદના ચુંટણી જંગમાં આ વખતે યુવા ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તે જોતાં આ વખતના ચુંટણીજંગમાં તંત્ર અને રાજકીય પક્ષ આગેવાનો માટે ચાલી રહેલી ખેંચતાણથી સમરસ ગ્રામ પંચાયતો બનાવવી અત્યંત મુશ્કેલ થઈ શકે છે. સમરસ ગ્રામ પંચાયતો માટે રૂા.૩ થી ૧૪ લાખ સુધીની વધારાની ગ્રાન્ટ આપવાની જોગવાઈ કરી છે જેના કારણે ગામડાંઓમાં વેરઝેર ઘટે તેવો ઉદ્દેશ વધે તેવું કહેવામાં આવે છે..

પરંતુ સમરસ ગ્રામ પંચતાયત બનાવીને ગામનો વિકાસ રૂંધાય તેવો એકપણ પ્રયાસ સાંખી નહિ લેવાય તેવું યુવા મતદારો બોલતા થયા છે. આ સંજોગોમાં તા.૪ ડિસેમ્બર પછી જ જિલ્લામાં સમરસ ગ્રામપંચાયતો કેટલી બનશે તેનો સાચો આંકડો બહાર આવશે. જ્યારે અનેક ગ્રામ પંચાયતોમાં સરપંચપદ મેળવવા કેટલાંક ઉમેદવારોએ જે રીતે પૈસા વાપરવાની અને ખાનીપીનીની શરૂઆત કરી છે તે જોતાં ચુંટણીજંગમાં મોટાપાયે ખર્ચ થવાની સંભાવના વધી ગઈ છે.

## ખુદ વાલીઓને બાળકો ભણાવવામાં રસ નથી

### પ્રા. શિક્ષકોની વ્યથા : જિલ્લાના અનેક ગરીબ વાલીઓના બાળકો શાળાએ જવાના બદલે ધંધાના સ્થળે..!! : ઓનલાઈન હાજરી પછી બાળકોની સતત ગેરહાજરી વિભાગ માટે માથાના દુઃખાવારૂપ

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રા. શિક્ષક અને વિદ્યાર્થીની ઓનલાઈન હાજરી લેવાતાં અનેક શાળાઓમાં ઓછી સંખ્યાએ શિક્ષણ વિભાગને ચોંકાવી દીધો છે. અરવલ્લી જિલ્લાના અનેક ગરીબ વાલીઓ પોતાના બાળકોને શાળાએ મોકલવાના બદલે ધંધાના સ્થળે મોકલી રહ્યાછે જેના કારણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં બાળકોની સતત ગેરહાજરી વિભાગ અને પ્રા.શિક્ષકો માટે માથાના દુઃખાવારૂપ બની છે. કેટલાક પ્રા. શિક્ષકોએ તો આ અંગેના જરૂરી પુરાવા સાથે ડી.પી.ઓ. કચેરીને રજૂઆત કર્યાનું પણ જાણવા મળ્યું છે.

સરકારી પ્રા. શાળાઓમાં સતત કથળતું શિક્ષણ અને શિક્ષકો ટકાવી રાખવા માટે ભૂતિયા વિદ્યાર્થીઓની હાજરી પુરાતી હોવાના અનેક આક્ષેપ પછી એક્શન મોડમાં આવી ગયેલા પ્રા. શિક્ષણ વિભાગે શાળામાં પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવાની બાબતને હોંશિયામાં ધકેલી પ્રા.શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમયસર શાળામાં આવે છે કે કેમ..?? તે માટે ઓનલાઈન હાજરી લેવાનું શરૂ કર્યુ છે. જેમાં અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં આશ્ચર્યજનક રીતે દરેક શાળાઓમાં સરેરાશ ૨૦ થી ૩૫ ટકા બાળકો અનિયમિત જણાઈ આવ્યા છે. અનિયમિત આવતા બાળકોને લેવા માટે શિક્ષકો તેમના ઘરે જાય છે ત્યાં મા-બાપ ઘરે આરામ ફરમાવતું હોય પરંતુ તેમનું સંતાન શાળાએ જવાના બદલે તેમના ધંધાના સ્થળે અવનવી ચીજવસ્તુઓનો વેપલો કરી રહ્યા છે. ટૂંકમાં વિભાગે સતત ગેરહાજર બાળકોની ચિંતાની સાથે હવે બાળકોને શાળાએ ન મોકલતા વાલીઓ સામે પણ કડક પગલાં ભરવાની જોગવાઈ કરવી જોઈએ.

### સરેરાશ ૨૦ થી ૨૨ ટકા વિદ્યાર્થીઓ ગેરહાજર

બાયડ : અરવલ્લી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧,૧૬,૦૦૦થી વધુ બાળકો ધો.૧ થી ૮ માં અભ્યાસ કરે છે. અરવલ્લી જિલ્લામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરીનો પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવ્યા પછી ખુદ શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ બાળકોની વધારે પડતી ગેરહાજરીથી ચોંકી ઉઠ્યા છે.

## સાબરકાંઠા-અરવલ્લીમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પરની હોટલો ઉપર પેકીંગ નાસ્તામાં ઉઘાડી લૂંટ

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે ૮ ઉપરની હોટલો ઉપર મુસાફરો ભરીને જતી ખાનગી લક્ઝરી બસો રોકાણ કરે તે સમયે હોટલો ઉપર પેકીંગ નાસ્તામાં એમ.આર.પી. કિંમત કરતાં પણ વધુ ભાવ વસુલાતો હોવાની ફરિયાદ ઉઠી છે. નેશનલ હાઈવે ઉપર ચિલોડા થી શામળાજી સુધીની હાઈવેની હોટલો ઉપર ચોક્કસ હોટલોએ ખાનગી લક્ઝરી બસના ડ્રાઈવર-કંડક્ટરોને મફતમાં ભોજન તેમજ ટીપ્સ અપાતી હોવાથી નિયત કરેલી હોટલો ઉપર જ ખાનગી લક્ઝરી બસો થોભાવી દેવાય છે. છેલ્લા કેટલાય સમયથી પેકીંગ નાસ્તામાં એમ.આર.પી. કરતાં પણ રૂા.૨ થી ૫ વધારે લેવાતા હોવાની બુમ મુસાફરોમાંથી ઉઠવા પામી છે.

સરકારે એમ.આર.પી. એટલે મેક્ઝીમમ રીટેલ પ્રાઈઝ કરતાં એક પૈસો પણ વધારે ન લઈ શકાય તેવો કાયદો અમલમાં મૂક્યો છે છતાં ખાદ્ય સામગ્રીમાં તેનું કોઈ પાલન કરનાર કે અમલ કરાવનાર જ કોઈ ન હોય તેવી સ્થિતિ છે. જિલ્લાના નેશનલ હાઈવે ૮ ઉપર રાજસ્થાનમાંથી મુંબઈ તેમજ મુંબઈ સહિતના દૂરના સ્થળોથી રાજસ્થાન તરફ રોજ હજારો મુસાફરો ખાનગી લક્ઝરી બસ મારફતે આવન જાવન કરી રહ્યા છે જેમાં ખાનગી લક્ઝરી ટ્રાવેલ્સના સંચાલકોએ અગાઉથી જ ચોક્કસ હોટલો સાથે સેટીંગ ગોઠવ્યું હોવાથી ડ્રાઈવર-કંડક્ટરો હાઈવેની ચોક્કસ હોટલો ઉપર જ લક્ઝરી બસો થોભાવતા હોય છે પરંતુ હોટલો ઉપર મુસાફરો સાથે લૂંટ ચલાવાતી હોય છે. ખાસ કરીને પેકીંગ નાસ્તાના પેકેટમાં વધુ ભાવ લેવાય છે. દૂરના સ્થળોથી હોટલ ઉપર થોભતા મુસાફરો ભોજનના બદલે વેફર તેમજ અન્ય નાસ્તો ખરીદે છે પરંતુ એમ.આર.પી. કિંમત કરતાં પણ હોટલવાળા રૂા.૨ થી ૫ વધુ વસુલી રહ્યા છે. જ્યારે ચોક્કસ હોટલ ઉપર લક્ઝરી થોભાવવા માટે હોટલ સંચાલકો દ્વારા ડ્રાઈવર-કંડક્ટરોને મફતમાં ભોજન ઉપરાંત રોકડમાં ખાસ ટીપ્સ આપવામાં આવતી હોય છે જેથી મુસાફરો પાસે ભલે વધુ ભાવ વસુલવામાં આવતો હોય તેમ છતાં ચોક્કસ હોટલ ઉપર જ ખાનગી લક્ઝરી બસો થોભાવી દેવાતી હોય છે. ને હાઈવે ૮ ની બંન્ને સાઈડમાં ચિલોડા થી શામળાજી સુધીની ૧૦૦ થી પણ વધુ હોટલો આવેલી છે.

### શિક્ષણનો નવો આયામ જ્ઞાનશક્તિથી ભરપૂર છે

## જે દેશને સશકત-સમૃદ્ધિના નિર્માણને વેગ આપશે મધ્યપ્રદેશના રાજયપાલશ્રી મંગુભાઈ પટેલ

### બાળકોના સર્વાંગી વિકાસની દિશામાં શિક્ષણ આપતી અમૂલ્ય સંસ્થા છે : વિધાનસભા અધ્યક્ષા ડો. નીમાબેન આચાર્ય

બાયડ તા.૧

અરવલ્લી જીલ્લાના શામળાજી નજીકના ખેરંચાની સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ ખાતે મધ્યપ્રદેશના રાજયપાલશ્રી મંગુભાઈ પટેલની અધ્યક્ષતામાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાયો હતો. જેમાં અતિથી વિશેષ તરીકે વિધાનસભાના અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્ય તથા આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લીના અંતરીયાળ વિસ્તારમાં એકલવ્ય સૈનિક સ્કૂલની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૧૦માં આ શાળાની પબ્લિક,પાર્ટનરશીપના ત્રિપલ-પી ના ધોરણે સૂર્યા ફાઉન્ડેશનને ધુરા સોંપવામાં આવી હતી. તે સમયે વાવેલા બીજ આજે વટવૃક્ષ સમાન બની ગયુ છે.

રાજયપાલશ્રીએ શાળાને સિંચન કરનાર પદ્મશ્રી જયપ્રકાશ અગ્રવાલને યાદ કરતા જણાવ્યું હતું સાથે મારો જૂનો સંપર્ક છે તેઓ કચ્છમાં અનેક સેવાભાવી કાર્યો કર્યા છે, તેઓ રાષ્ટ્રસેવાની પ્રવૃત્તિ સાથે પ્રાકૃતિક ચિકિત્સામાં પણ પારંગત છે, તેઓ ગાંધીયાન વિચારોને વરેલા છે તેમના તમામ સેવા કાર્યોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગૃત થાય છે.

પ્રાસંગિક ઉદ્દબોધન કરતા આદિજાતિ વિકાસ અને અન્ન નાગરીક પુરવઠા મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે,



અરવલ્લી શામળાજી નજીકના ખેરંચા સ્થિત સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલની મુલાકાતે આવેલા મધ્યપ્રદેશના રાજયપાલશ્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં આઝાદીના ૭૫ વર્ષ થતા આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ પ્રસંગે આ શાળામાં પ્રવેશતા હર્ષની લાગણી અનુભવું છું. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના વિસ્તારના આદિજાતિ બાળકોને ઉચ્ચત્તરનું શિક્ષણ મળી રહે તેવા ડ્રીમ પ્રોજેક્ટ સેવ્યું અને અંહિ કે, જયપ્રકાશજી રાષ્ટ્રભાવનાને સમર્પિત વ્યક્તિ છે, તેમણે સમાજસેવાની સાથે આવનારી પેઢીમાં સંસ્કારનું સિંચન થાય તેવી અદ્ભુત કામગીરી કરી છે.

રાજયપાલશ્રી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નવી શિક્ષણ નીતિને વખાણતા ઉમેર્યું હતું કે, શિક્ષણનો નવો આયામ જ્ઞાન શક્તિથી ભરપૂર છે જે દેશને સશકત-સમૃદ્ધ ભારતના નિર્માણમાં વેગ આપશે.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષા શ્રીમતી નીમાબેન આચાર્યએ જણાવ્યું હતું કે, આ સંસ્થાના સ્થાપક જય પ્રકાશજીની આદિજાતિના બાળકો અન્ય વર્ગના બાળકોના હરોળમાં આવી શકે અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે રાજય સરકાર વિશેષ બજેટનું આયોજન કરે છે.

આ કાર્યક્રમમાં રાજયપાલશ્રી મંગુભાઈ પટેલને "ગાર્ડ ઓફ ઓનર" અપાયું હતું. તેમજ સૈનિક સ્કૂલના વિધાર્થીઓ દ્વારા ગાન, પરેડ, કરાટેનું પ્રદર્શન કરાયું હતું. તથા વૈજ્ઞાનિક પ્રવાહમાં આવતી પ્રવૃતિઓના સ્ટોલ ઉભા કરીને વિદ્યાર્થીઓ દ્વારા તેની સમજુતી આપવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્થા દ્વારા મહેમાનોને મોમેન્ટ અપર્ણ કરાયા હતા.

## ચૂંટણી આયોગે જાહેર કરેલા પરિપત્રની ઉપરવટ ગયાના આરોપ..!!

### ગ્રામ પંચાયતની ચૂંટણી જંગ - જિલ્લામાં રીટર્નિંગ ઓફીસરોએ સરકારી લ્હેણું તેમજ શૌચાલય અંગે તલાટીનો દાખલો માંગતા હડકંપ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૫૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગેનું જાહેરનામું સોમવારે પ્રસિદ્ધ થયું અને એ સાથે જ વિવાદ શરૂ થયા છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા. ૨૭ નવેમ્બર-૨૦૨૧ના રોજ જિલ્લા ચૂંટણી અધિકારીને પરીપત્ર કરી સરપંચ કે ગ્રામ પંચાયતના સભ્ય તરીકે ઉમેદવારી કરતા ઉમેદવારોએ રજૂ કરવાના ઉમેદવારીપત્રો સાથે બેન્ક અથવા પંચાયતનું કોઈ લ્હેણું બાકી નથી તે અંગેની વિગત ઉમેદવારીપત્રના ભાગ-૯ માં સમાવિષ્ટ હોઈ અલગથી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહી તેવી સ્પષ્ટતા કરી હોવા છતાં રીટર્નિંગ ઓફીસર દ્વારા ઉમેદવારીપત્ર રજૂ કરતી વખતે જે પુરાવા માગ્યા છે તેમાં તલાટી કમ મંત્રી દ્વારા મેળવેલ સરકારી લ્હેણું બાકીમાં નથી તેનું પ્રમાણપત્ર તેમજ શૌચાલય ધરાવતા હોય તેવો દાખલો રજૂ કરવાનું જણાવાતાં વિવાદ વધુ વકરે તેવી સંભાવના છે. ચૂંટણી આયોગના પરીપત્રની ઉપરવટ ગયાના રીટર્નિંગ ઓફીસરો ઉપર આરોપ લાગ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લાની ૩૨૫, અરવલ્લીની ૨૩૧ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીનું રણસિંગુ વિધિવત રીતે ફૂંકાયુ છે. સરપંચ પદ અને વોર્ડ ઉમેદવારોનો રાફડો ફાટે તેવી સ્થિતિ જોવા મળી છે. લગ્નના અવસર શરૂ થયા અને ચૂંટણીનો અવસરા આવતાં સરકારી કચેરીઓમાં લગ્નના અવસર કરતાં વધુ ભીડ જોવા મળી રહી છે. ઉમેદવારીપત્ર રજૂ કરવા માટે જે પુરાવા માંગવામાં આવ્યા છે તે પુરાવા એકત્ર કરવા સરપંચ અને તેમના વોર્ડ સભ્યો અને ટેકેદારો કામે લાગ્યા છે. ચૂંટણી જંગના કારણે પંચાયતોનું લાખોનું બાકી નિકળતું લ્હેણું ધડાધડ ભરાઈ રહ્યું છે. સોમવારે ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગેની જાહેરનામું બહાર પડવાની સાથે ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ છે ત્યારે ૧૪ તાલુકાની ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા ચૂંટણી માટે ઉમેદવારોએ ૧ થી ૧૫ જેટલા પુરાવા રજૂ કર્યા છે કે કેમ..?? તે અંગેનું ચેકલીસ્ટ આપી દેવામાં આવ્યું છે અને તેમાં ઉમેદવારની સહી કરાવવાની હોય છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરેલા પરીપત્રમાં ઉમેદવારી કરનાર ઉમેદવારે બેન્ક અથવા પંચાયતનું કોઈ લ્હેણું નથી તે અંગેની વિગત ઉમેદવારીપત્રના ભાગ-૯માં સમાવિટ હોઈ અલગથી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે નહીં તેવું સ્પષ્ટ જણાવ્યું છે. ઉમેદવારે કરવાના થતા એકરારનામાના ભાગ-૭ અને ૮ માં ઉમેદવારના ગુનાહીત ભૂતકાળનો સમાવેશ થતો હોઈ પોલીસ ક્લીયરન્સ સર્ટીફિકેટ અલગથી રજૂ કરવાનું રહેતું નથી. આ બાબતની સૂચના ગ્રામ પંચાયતની ચૂંટણીમાં નિમાયેલા તમામ ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીને ધ્યાને મુકવા જણાવવામાં આવ્યું છે છતાં સોમવારથી ઉમેદવારીપત્ર ભરવાના દિવસે જ રીટર્નિંગ ઓફીસર દ્વારા ક્રમ નં. ૧૨ અને ૧૩ એટલે કે કોઈ સરકારી લ્હેણું બાકી નથી અને શૌચાલય ધરાવતા હોય તે અંગે તલાટી કમ મંત્રીનો દાખલો રજૂ કર્યો છે કે કેમ..?? તેની વિગતો ફોર્મ સાથે ભરવાની હોવાથી અનેક ઉમેદવારો અને તેમના ગૃપના સરપંચ ઉમેદવારો પણ વિમાસણમાં મુકાયા છે અને સ્થાનિક તાલુકા કક્ષાએ તેની રજૂઆત શરૂ થઈ છે.

**ફોર્મ ખોટું, અધિકૃત સરકારી કચેરીમાંથી ફોર્મ મેળવવું : અધિક કલેક્ટર**

અરવલ્લી અધિક કલેક્ટર પ્રદીપસિંહ રાઠોડનો સંપર્ક કરતાં જણાવ્યું છે કે સોશ્યલ મીડીયામાં ચૂંટણી લડતા ઉમેદવારે રજૂ કરવા માટેનું ક્રમ નં. ૧ થી ૧૫ નું જે ફોર્મ ફરતું થયું છે તે ખોટું છે. અધિકૃત સરકારી કચેરીમાંથી ઉમેદવારોએ ફોર્મ મેળવવું અને બાકી લ્હેણા તેમજ શૌચાલય બાબતે ચૂંટણી આયોગના પરીપત્ર અનુસાર ઉમેદવારે સેલ્ફ ડેકલેરેશન આપવાનું રહેશે.